# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18/10/2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં મંત્રીઓને ખાતાની ફાળવણી કરાઈ, મંત્રીઓને ચેમ્બર પણ અપાઈ**
2. **છેવાડાના ગામોથી લઈને શહેરો સુધી યુવા , મહિલા અને વડીલોના હિતમાં વધુમાં વધુ લોક ઉપયોગી કામ થાય તે માટે મુખ્યમંત્રીની મંત્રીઓને સૂચના.**
3. **દિવાળીના તહેવારો દરમિયાન રાજ્યના દ્વારકા સહિતના યાત્રાધામોમાં સલામતીનો લોખંડી બંદોબસ્ત.**
4. **આજથી ત્રણ દિવસ માટે AMTS બસમાં નાગરિકો નિઃશુલ્ક મુસાફરી કરી શકશે**
5. **પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે દિવાળીના તહેવાર દરમિયાન મુસાફરોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને સલામતીની વિશેષ વ્યવસ્થા કરી.**
6. **રાજ્યભરમાં ભગવાન ધન્વંતરિ અને માતા લક્ષ્મીની પૂજા-અર્ચના સાથે ધનતેરસની ઉજવણી.**

--------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# MANTRI KHATA FADAVANI

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગઈકાલે ગાંધીનગરમાં નવા મંત્રીમંડળ સાથે બેઠક યોજાઈ ગઈ. તેમાં મંત્રીઓને ખાતાઓની ફાળવણી કરવામાં આવી. સાંભળીએ અહેવાલ.**

## (V/C- PRAVESH ADIACHA)

(.....સત્તાવાર યાદી મુજબ , નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને ગૃહ , પોલીસ હાઉસિંગ, જેલ, સરહદ સુરક્ષા, ગૃહ રક્ષક દળ સહિતના ખાતા , કનુ દેસાઈને નાણા, શહેરી વિકાસ અને શહેરી આવાસ , જિતેન્દ્ર વાઘાણીને કૃષિ અને ખેડૂત કલ્યાણ, સહકાર, મત્સ્યોદ્યોગ સહિતના ખાતા , ઋષિકેશ પટેલને ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ , સંસદીય બાબત સહિતના ખાતા, કુંવરજી બાવળિયાને શ્રમ , કૌશલ્ય વિકાસ સહિતના ખાતા , નરેશ પટેલને આદિજાતિ વિકાસ , ખાદી સહિતના ખાતા, અર્જૂન મોઢવાડિયાને વન અને પર્યાવરણ સહિતના ખાતા , ડૉક્ટર પ્રદ્યુમન વાજાને સામાજિક ન્યાય અને સશક્તિકરણ, શિક્ષણ સહિતના ખાતા , રમણ સોલંકીને ખાદ્ય , અન્ન પૂરવઠા અને ગ્રાહક બાબતોના ખાતા સોંપવામાં આવ્યા.

આ ઉપરાંત ઈશ્વરસિંહ પટેલને પાણી પૂરવઠા ખાતા , પ્રફૂલ પાનશેરિયાને આરોગ્ય , પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ ખાતા તથા ડૉક્ટર મનીષા વકીલને મહિલા અને બાળ કલ્યાણ ખાતાનો સ્વતંત્ર હવાલો સોંપાયો છે.

જ્યારે પરષોત્તમ સોલંકીને મત્સ્યોદ્યોગ , કાંતિલાલ અમૃતિયાને શ્રમ , કૌશલ્ય વિકાસ અને રોજગાર , રમેશ કટારાને કૃષિ અને ખેડૂત કલ્યાણ , સહકાર સહિતના ખાતા, દર્શના વાઘેલાને શહેરી વિકાસ અને શહેરી આવાસ , કૌશિક વેકરિયાને કાયદા અને ન્યાય સહિતના ખાતા , પ્રવિણ માળીને વન અને પર્યાવરણ સહિતના ખાતા , ડૉક્ટર જયરામ ગામિતને રમતગમત અને યુવા સેવા સહિતના ખાતા , ત્રિકમ છાંગાને ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ , કમલેશ પટેલને નાણા, પોલીસ હાઉસિંગ, જેલ સહિતના ખાતા, સંજયસિંહ મહિડાને મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન સહિતના ખાતા , પૂનમચંદ બરંડાને આદિજાતિ વિકાસ , ખાદ્ય સહિતના ખાતા , સ્વરૂપજી ઠાકોરને ખાદી સહિતના ખાતા અને રિવાબા જાડેજાને પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ ખાતાનાં રાજ્યમંત્રી બનાવવામાં આવ્યાં છે.

**પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ.**

# MANTRI OFFICE ALLOTMENT

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સરકારના મંત્રીમંડળના સભ્યોને ચેમ્બરોની ફાળવણી કરાઈ છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પાસે સ્વર્ણિમ સંકુલ એકનો ત્રીજો અને ચોથો માળ યથાવત રાખવામાં આવ્યો છે..

સ્વર્ણિમ સંકુલ એકમાં બીજા માળે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, કૃષિ મંત્રી જીતુ વાઘાણી, ઉર્જા અને પેટ્રો કેમિકલ મંત્રી ઋષિકેશ પટેલ, અને કુવરજી બાવળીયાને ચેમ્બરની ફાળવણી કરાઇ છે.

સ્વર્ણિમ સંકુલ એકમાં પહેલા માળે નાણામંત્રી કનુ દેસાઈની ચેમ્બર યથાવત છે, આ ઉપરાંત પહેલા માળે નરેશ પટેલ, અર્જુન મોઢવાડિયા, પ્રદ્યુમન વાજા અને રમણભાઈ સોલંકીની ચેમ્બરની ફાળવણી કરાઇ છે. આજ રીતે સ્વર્ણિમ સંકુલ બેમાં રાજ્યકક્ષાના મંત્રીઓને ચેમ્બરની ફાળવણી કરાઇ છે. રાજ્યકક્ષામાં સ્વતંત્ર હવાલો ધરાવતા મંત્રીઓને પહેલા માળે ચેમ્બર અપાઇ છે.

---

# HARSH SANGHVI CABINET BETHAK

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગઇકાલે કેબિનેટ બેઠક પૂર્ણ થયા બાદ તેમના સંબોધનમાં જણાવ્યું કે , મુખ્યમંત્રીએ નવા મંત્રીઓને શુભેચ્છા પાઠવી છે. ગુજરાતના ગામોથી લઈને શહેરો સુધી યુવા , મહિલા અને વડીલોના હિતમાં વધુમાં વધુ લોક ઉપયોગી કામ થાય તે માટે સૂચના આપવામાં આવી છે.

તેમણે જણાવ્યું મુખ્યમંત્રીના માર્ગદર્શનમાં અમદાવાદમાં યોજનારી કોમનવેલ્થ અમદાવાદ @2030ને લીલી ઝંડી આપવામાં આવી છે. આ માટે રાજ્યસરકાર કેન્દ્ર સરકારના માર્ગદર્શનમાં સંપૂર્ણપણે કામગીરી કરી રહ્યું છે .

## બાઇટ : હર્ષ સંઘવી

---

## DWARKA

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા ખાતે દિવાળીના તહેવારને પગલે સુરક્ષા વ્યવસ્થા કડક કરવામાં આવી છે. જિલ્લા પોલીસ તંત્રની વિવિધ બ્રાન્ચ દ્વારા શહેરના મુખ્ય માર્ગો અને બજાર વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ યોજાયું. નાગરિકોમાં સુરક્ષા અને શાંતિનો માહોલ જળવાઈ રહે તે માટે પોલીસ તંત્ર સતર્ક બન્યું છે.

દિવાળીના દિવસોમાં વધતા ભીડભાડ વચ્ચે કોઈ અણધાર્યા બનાવ ન બને તે માટે વિશેષ ચેકિંગ પણ હાથ ધરાયું.જિલ્લા પોલીસ અધિકારીઓએ પોતાના સ્ટાફ સાથે માર્ગ નિરીક્ષણ કરી તહેવાર દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવા જરૂરી સૂચનાઓ આપી.

સોમનાથ, અંબાજી, શામળાજી, ડાકોર, પાવાગઢ સહિતના યાત્રાધામમાં પણ સલામતીની કડક વ્યવસ્થા કરાઈ છે.

---

## JAMNAGAR BRASS INDUSTRY RAID

જામનગરમાં GST વિભાગે બ્રાસ ઉદ્યોગ સાથે સંકળાયેલ 12 પેઢી પર દરોડા પાડયા. કરોડો રૂપિયાના વ્યવહારો , બિલિંગ અને અન્ય શંકાસ્પદ લેવડદેવડને લઈને GIDC, શંકર ટેકરી, ઉદ્યોગનગર સહિત બ્રાસ ઉદ્યોગ સાથે સંકળાયેલા અન્ય વેપારીઓની ઓફિસો અને નિવાસ્થાનો પર GST અધિકારીઓ દ્વારા તપાસ હાથ ધરાઇ છે.

---

## FRIST QR BASED DIGITAL NOTICE COVER-RAJKOT

રાજ્યમાં સૌ પ્રથમવાર રાજકોટ ગ્રાહક અદાલત દ્વારા "રેઈસ,રિસોલ્વ એન્ડ રિલેક્સ -ઓલ બાય યોર ડોર" QR કોડ આધારિત ડિઝિટલ નોટિસ કવરનો પ્રારંભ કરાયો છે. રાજકોટ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ આયોગની કચેરી દ્વારા ગઇકાલે આ નોટિસ કવર ખુલ્લું મુકવામાં આવ્યું હતું.

નોટિસ કવર પર ક્યુ આર કોડ સ્કેન કરતા કન્ઝ્યુમર પ્રોટેકશન એક્ટ અંતર્ગત લોકોને ફરિયાદ નિવારણ સંબંધી માહિતી મળે અને ગ્રાહક જાગૃત બને તે માટે આ નવતર પહેલ શરૂ કરાઇ છે. આનાથી નાગરિકો અને ગ્રાહક સંસ્થાને આયોગ સુધી રૂબરૂ આવવાની જરૂર રહેશે નહીં.

---

## AMTS FREE SERVICE

આજે વહેલી સવારથી અમદાવાદ મહાનગર પરિવહન સેવા- AMTSમાં લોકો નિશુલ્ક મુસાફરીનો લાભ લઈ રહ્યા છે. આજથી આગામી 20 ઓક્ટોબર એમ ત્રણ દિવસ લોકો નિઃશુલ્ક મુસાફરી કરી શકશે. દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખી

**અને સ્વદેશી ઝૂંબેશ હેઠળ ખરીદીને પ્રોત્સાહન આપવા આ જાહેરાત કરવામાં આવી છે.**

---

## WEATHER

**હવામાન ખાતાએ આગામી સાત દિવસ રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. આ સમયગાળા દરમિયાન મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. જ્યારે 20થી 22 તારીખ સુધી દક્ષિણ ગુજરાતમાં છૂટાછવાયા સ્થળ પર હળવાથી મધ્યમ  વરસાદની શક્યતા હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું હતું.**

**દરમ્યાન ડાંગના આહવા ,બોરખલ,વાસુર્ણા અને કોટબા સહિતના  વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો. જિલ્લામાં હવે ડાંગરની કાપણીની તૈયારી છે ત્યારે વરસાદના કારણે ખેડૂતોમાં નુકસાનની ભીતિ સેવાઇ રહી છે.**

---

# AMDAVAD RAILWAY MANDAL

પશ્ચિમ રેલવે દ્વારા દિવાળીના તહેવાર દરમિયાન યાત્રિઓની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખી વ્યવસ્થા કરવામાં આવી છે. અમદાવાદ    , અસારવા, સાબરમતી અને ગાંધીધામ મથક પર વિશેષ વ્યવસ્થા રહેશે. આ મથકો પર 24 કલાક સાતેય દિવસ અધિકારીઓની દેખરેખ હેઠળ વ્યાપક દેખરેખ રહેશે.

અમદાવાદ મથક પર મુસાફરોની સુવિધા માટે સરસપુર તરફ ત્રણ હજાર 230 ચોરસ ફૂટ અને પ્લેટફૉર્મ નંબર એક તરફ 8 હજાર 72 ચોરસ ફૂટના વિસ્તારમાં પેસેન્જરના રોકાવવા માટેની જગ્યા બનાવવામાં આવી છે. તેમાં પૂરતી

બેસવાની સુવિધા , શુદ્ધ પીવાનું પાણી  , પ્રકાશ , પંખા ,  શૌચાલય તેમજ જાહેર જાહેરાત પ્રણાલિ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

---

## AMRUT SAMVAD

"અમૃત સંવાદ" પહેલ હેઠળ, રેલવે અધિકારીઓ રાજકોટ ડિવિઝનના વિવિધ સ્ટેશનો પર મુસાફરો સાથે વાતચીત કરી  રેલવે સેવાઓમાં વધુ સુધારા માટે તેમના પ્રતિભાવ અને સૂચનો એકત્રિત કરી રહ્યા છે.

વધુ માહિતી આપતા રાજકોટ રેલવે ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર ગીરીરાજકુમાર મીનાએ જણાવ્યું  કે   ,  આ સંવાદનો મુખ્ય ઉદ્દેશ્ય મુસાફરોની જરૂરિયાતોને સમજવાનો અને તેમની સુવિધા , સલામતી અને એકંદર મુસાફરીના અનુભવમાં સુધારો કરવાનો છે.

## બાઈટ – ડીઆરએમ

---

## DHANVANTARI PUJA - DHANTERAS

આજે રાજ્યભરમાં ધનતેરસની ઉજવણી કરાશે.  આજના દિવસે માતા લક્ષ્મી અને આરોગ્યના દેવતા ભગવાન ધન્વંતરિની પૂજા કરાય છે.  રાજ્યના નાગરિકોના દિર્ઘાયુ માટે ડૉક્ટર સેલ દ્વારા તમામ જિલ્લા અને મહાનગરના કાર્યાલય ખાતે આજે ભગવાન ધન્વંતરિની પૂજા-અર્ચના કરાશે. ધન્વંતરિ જયંતી નિમિત્તે આયોજિત આ કાર્યક્રમ બપોરે ત્રણ-થી પાંચ વાગ્યા સુધી યોજાશે.

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ ડૉક્ટર સેલના સંયોજક ડૉક્ટર ધર્મેન્દ્ર ગજ્જરે અખબારી યાદીમાં જણાવ્યું કે , આ કાર્યક્રમમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ , સંગઠનના વિવિધ હોદ્દેદારો અને મહાનુભાવો ભગવાન ધન્વંતરિની પૂજા-અર્ચના કરશે.

---

## SoU - SARDAR JAYANTI SAMIKSHA – PRAKASH PARV

સ્ટેચ્યૂ ઓફ યુનિટી , એકતાનગર ખાતે સરદાર પટેલની 150મી જન્મ જયંતિની પૂર્વ તૈયારીઓની સમીક્ષા બેઠક પ્રવાસન નિગમના સચિવ ડૉ. રાજેન્દ્ર કુમારની અધ્યક્ષતામાં યોજાઈ.

બેઠક દરમિયાન માર્ગ અને મકાન વિભાગ , વીજ વિભાગ, પાણી પુરવઠા, અને ફાયર વિભાગ દ્વારા કરવાની કામગીરી અંગે વિગતવાર ચર્ચા કરાઇ. સચિવ ડૉ. રાજેન્દ્રકુમારે એકતાનગર તથા વિવિધ સ્થળે ઊભા કરવામાં આવનારા ડોમ , પાર્કિંગ સેડ અને રોડ રસ્તા સહિત તમામ વિસ્તારોમાં સ્વચ્છતા જળવાઈ રહે તેના પર ખાસ ભાર મૂક્યો.

પ્રવાસન સચિવે 1થી 14 નવેમ્બર દરિયાન થનારી ભારત પર્વની ઉજવણી અંગે પણ માહિતી આપી હતી.દરમ્યાન ગઇકાલથી સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે એકતા પ્રકાશ પર્વની ભવ્ય ઉજવણીનો પ્રારંભ થયો છે.

જેમાં પ્રવાસીઓને નિઃશુલ્ક પ્રવેશ અપાશે. એકતા નગરને ૭.૬ કિલોમીટરમાં ગ્લો ટનલ તેમજ અદભૂત કલાત્મક થીમ આધારિત લાઈટિંગથી શુશોભિત કરાશે.

---